# દુર્ઘટનાથી ખુબજ વ્યથિત છું, દોષિતોને નહીં છોડાય : મોદી

**વડાપ્રધાને રેલ દુર્ઘટના સ્થળે પહોંચીને જાત માહિતી મેળવી : દરેક સ્તરે તપાસની સુચના, અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો માટે દસ લાખની સહાયની જાહેરાત કરવામાં આવી**






બાલાસોર, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાલાસોર ટ્રેન દુર્ઘટનાસ્થળે પહોંચી ગયા છે. તેઓ અહીં હેલિકોપ્ટરની મદદથી આવ્યા હતા. તેઓ ઘટનાસ્થળનું નિરીક્ષણ કરશે અને પીડિતોની પણ મુલાકાત લઈ શકે છે. તેઓ સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. ઓડિશાના બાલાસોર જિલ્લાના બહાનાગા રેલવે સ્ટેશન નજીક ગઈકાલ સાંજે પેસેન્જર ટ્રેન કોરોમંડલ એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ઓડિશાના મુખ્ય સચિવ પીકે જેના કહેવા પ્રમાણે આ અકસ્માતમાં કુલ ૨૮૮ લોકોના મોત થયા છે જ્યારે ૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

પીએમ નરેન્દ્ર મોદીએ બાલાસોરમાં કહ્યું કે, કેટલાક લોકો, જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે, જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે, આ એક દુઃખદ ઘટના છે. જે લોકો ઘાયલ થયા છે તેમની મદદ કરવામાં સરકાર કોઈ કસર છોડશે નહીં. સરકાર પીડિત પરિવારોના દુઃખમાં તેમની સાથે છે. તેમણે કહ્યું કે, આ ઘટના સરકાર માટે ખૂબ જ ગંભીર છે. દરેક સ્તરની તપાસ માટે સૂચનાઓ આપવામાં આવી છે. દોષિતોને આકરી સજા આપવામાં આવશે. તેને છોડમાં આવશે નહીં. ઓડિશા પ્રશાસનની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર પાસે જે પણ સંસાધનો ઉપલબ્ધ હતા, તેઓએ બચાવ કામગીરી શરૂ કરી. સંકટની આ ઘડીમાં લોકોએ રક્તદાન, બચાવ કાર્યમાં મદદ કરી. ખાસ કરીને યુવાનોએ આખી રાત મદદ કરી હતી. અહીંના નાગરિકોની મદદને કારણે કામગીરી ઝડપથી પૂર્ણ થઈ શકી છે. કામ ઝડપથી ચાલી રહ્યું છે જેથી બને તેટલી વહેલી તકે ટ્રેકને પુનઃસ્થાપિત કરી શકાય. હું આજે ઘટનાસ્થળે ગયો હતો અને હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત સાથે વાત કરી હતી. મારી પાસે આ દર્દને વ્યક્ત કરવા માટે શબ્દો નથી. ભગવાન એમનેને શક્તિ આપે. અમે ઘટનાઓમાંથી શીખીશું અને સિસ્ટમને ઠીક કરીશું. પીએમ મોદી

હોસ્પિટલમાં ઘાયલોને મળ્યા અને તેમની સ્થિતિ જાણી અને મદદની ખાતરી આપી. આ પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ સ્થળ પરથી કેબિનેટ સચિવ અને આરોગ્ય મંત્રી સાથે વાત કરી હતી. તેમણે ઈજાગ્રસ્તો અને તેમના પરિવારોને જરૂરી તમામ મદદ પૂરી પાડવા તેમને જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, શોકગ્રસ્ત પરિવારોને અસુવિધાનો સામનો કરવો ન પડે અને અસરગ્રસ્તોને જરૂરી સહાય મળતી રહે તેની ખાસ કાળજી લેવાવી જોઈએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી બાલાસોર ટ્રેન દુર્ઘટના સ્થળ પર પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ ઈજાગ્રસ્તોને મળવા હોસ્પિટલ પહોંચ્યા. ઓડિશા ટ્રેન દુર્ઘટના સ્થળે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા ઘટનાની જાણકારી લીધી હતી. આ પછી, તેમણે સ્થળ પર અધિકારીઓ સાથે વાતચીત કરી અને તેમની પાસેથી માહિતી લીધી. તેમણે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે પણ વાત કરી હતી. ઓડિશામાં ટ્રેનની ભયંકર દુર્ઘટનાના અનુસંધાને પીએમ નરેન્દ્ર મોદીએ એક ખાસ બેઠક પણ બોલાવી હતી. જેમાં અકસ્માતની નવીનતમ સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## ઓડિશામાં એક દિવસનો રાજકીય શોક

બાલાસોર, તા.૩

ઓડિશાના બાલાસોર જિલ્લાના બહાનાગા રેલવે સ્ટેશન નજીક ગઈકાલ સાંજે પેસેન્જર ટ્રેન કોરોમંડલ એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી જતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ઓડિશાના મુખ્ય સચિવ પીકે જેના કહેવા પ્રમાણે આ અકસ્માતમાં કુલ ૨૮૦ લોકોના મોત થયા છે આ સાથે ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે એક દિવસીય રાજકીય શોકની જાહેરાત કરી છે. આ દુર્ઘટના બાદ ઓડિશાના માહિતી અને જનસંપર્ક વિભાગ દ્વારા આપવામાં આવેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગઈકાલે બાલાસોરના બહાનાગામાં થયેલ દુઃખદ ટ્રેન દુર્ઘટનાને ધ્યાનમાં રાખી ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે એક દિવસનો રાજકીય શોકનો આદેશ આપ્યો છે અને તેથી ૩ જૂને સમગ્ર રાજ્યમાં કોઈ તહેવાર ઉત્સવ મનાવવામાં આવ્યા નહતા.

## બાલાસોર રેલ દુર્ઘટનાને પગલે ૪૩ ટ્રેન રદ : ૩૮ ટ્રેનના રૂટ ડાયવર્ટ

બાલાસોર, તા.૩

ઓડિશાના બાલાસોર જિલ્લાના બહાનાગા રેલવે સ્ટેશન નજીક ગઈકાલ સાંજે પેસેન્જર ટ્રેન કોરોમંડલ એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ઓડિશાના મુખ્ય સચિવ પીકે જેના કહેવા પ્રમાણે આ અકસ્માતમાં કુલ ૨૮૮ લોકોના મોત થયા છે જ્યારે ૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ સાથે ટ્રેનમાં હજુ કેટલાક મુસાફરો ફસાયેલા હોવાની આશંકા છે. ઓડિશાના બાલાસોર જિલ્લાના બહાનાગા રેલવે સ્ટેશન નજીક ગઈકાલ સાંજે પેસેન્જર ટ્રેન કોરોમંડલ એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી મોટી દુર્ઘટના બાદ આજે તે રુટની ૪૩ ટ્રેનો રદ કરવામાં આવી છે જ્યારે ૩૮ ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. પીએમ નરેન્દ્ર મોદીએ ટ્રેન દુર્ઘટનાને લઈને સ્થિતિની સમીક્ષા કરવા માટે બેઠક બોલાવી છે. તેમજ સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે વડાપ્રધાન મોદી આજે સૌથી પહેલા બાલાસોરમાં દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે અને ત્યાર બાદ તેઓ કટકની હોસ્પિટલની મુલાકાત લેશે. બાલાસોર ટ્રેન દુર્ઘટના બાદ બચાવ કામગીરી માટે એનડીઆરએફના ૭ યુનિટ, ઓડીઆરએએફના ૫ યુનિટ અને ૨૪ ફાયર વિભાગની ટીમ બચાવ કામગીરીમાં જોડાઈ છે.

## કંપારી છૂટી જાય તેવી દેશની ૮ સૌથી ભયાનક રેલ દુર્ઘટના

નવી દિલ્હી, તા.૩

ઓડિશામાં શુક્રવારે થયેલી ભયાનક ટ્રેન દુર્ઘટનામાં ૨૩૩ લોકોના મોત થયા છે અને ૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટનામાં બેંગલુરુ-હાવડા સુપરફાસ્ટ એક્સપ્રેસ, શાલીમાર-ચેન્નઈ સેન્ટ્રલ કોરોમંડલ એક્સપ્રેસ અને માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી અને ટકરાઈ હતી. ડેટા દર્શાવે છે કે કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેનનું પાટા પરથી ઉતરવું એ આઝાદી પછી દેશમાં સૌથી ભયંકર અકસ્માતોમાંથી એક છે. ઓડિશાના બાલાસોરમાં ભયાનક ટ્રેન દુર્ઘટના બાદ ગોવા-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસનો સમારોહ રદ કરવામાં આવ્યો છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ટ્રેન દુર્ઘટના બાદ એક દિવસનો રાજ્ય શોકનો આદેશ આપ્યો છે. ૬ જૂન, ૧૯૮૧ના રોજ બિહારમાં ભારતનો સૌથી ખરાબ ટ્રેન અકસ્માત નોંધાયો હતો. જ્યારે પુલ પરથી પસાર થતી વખતે એક ટ્રેન બાગમતી નદીમાં પડી હતી, જેમાં ૭૫૦થી વધુ લોકોના મોત થયા હતા. ૨૦ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ પુરુષોત્તમ એક્સપ્રેસ ફિરોઝાબાદ પાસે પાટા પર ઉભેલી કાલિંદી એક્સપ્રેસ સાથે અથડાઈ હતી. આમાં સત્તાવાર મૃત્યુઆંક ૩૦૫ આસપાસ હતો. ૨૬ નવેમ્બર ૧૯૯૮ના રોજ, જમ્મુ તાવી-સિયાલદાહ એક્સપ્રેસ પંજાબના ખન્ના ખાતે ફ્રન્ટીયર ગોલ્ડન ટેમ્પલ મેઈલના ત્રણ પાટા પરથી ઉતરી ગયેલા કોચ સાથે અથડાઈ હતી, જેમાં ૨૧૨ લોકોના મોત થયા હતા. ૨ ઓગસ્ટ, ૧૯૯૯ના રોજ ગેસલ ટ્રેન દુર્ઘટના ત્યારે થઈ જ્યારે બ્રહ્મપુત્રા મેલ ઉત્તર સરહદ રેલ્વેના કટિહાર વિભાગના ગેસલ સ્ટેશન પર ઉભેલી અવધ-આસામ એક્સપ્રેસ સાથે અથડાઈ. જેમાં ૨૮૫થી વધુ લોકોના મોત થયા હતા અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ૨૦ નવેમ્બર, ૨૦૧૬ના રોજ પુખરાયનમાં એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. કાનપુરથી લગભગ ૬૦ કિલોમીટર દૂર પુખરાયન ખાતે ઈન્દોર-રાજેન્દ્ર નગર એક્સપ્રેસના ૧૪ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. જેમાં ૧૫૨ લોકોના મોત થયા હતા અને ૨૬૦ લોકો ઘાયલ થયા હતા. ૯ સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ, ધવા નદી પરનો પુલ તૂટવાને લીધે હાવડા રાજધાની એક્સપ્રેસ રફીગંજ ખાતે પાટા પરથી ઉતરી ગઈ હતી. જેના કારણે રફીગંજ ટ્રેન દુર્ઘટના થઈ હતી, જેમાં ૧૪૦થી વધુ લોકોના મોત થયા હતા. આ ઘટના માટે આતંકવાદી તોડફોડને જવાબદાર ઠેરવવામાં આવી હતી. ૨૩ ડિસેમ્બર, ૧૯૬૪ના રોજ રામેશ્વરમ ચક્રવાતમાં પમ્બન-ધનુષકોડી પેસેન્જર ટ્રેન ધોવાઈ ગઈ હતી. જેના કારણે તેમાં સવાર ૧૨૬થી વધુ મુસાફરોના મોત થયા હતા. ૨૮ મે ૨૦૧૦ના રોજ જનેશ્વરી એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ઉતરી જવાની ઘટના બની હતી. મુંબઈ જતી ટ્રેન ઝારગ્રામ નજીક પાટા પરથી ઉતરી ગઈ હતી અને પછી માલગાડી સાથે અથડાઈ હતી, જેમાં ૧૪૮ મુસાફરોના મોત થયા હતા.

## ગુજરાતમાં EVના રજિસ્ટ્રેશનમાં ૧૪૭૫ ટકાનો જંગી ઉછાળો

**આગામી સમયમાં ૨૫૦ નવા પબ્લિક ચાર્જિંગ સ્ટેશન બનાવવાનો લક્ષ્યાંક : રાજ્યમાં રજીસ્ટર્ડ ઇલેક્ટ્રિક વાહનોની સંખ્યા ૧,૧૮,૦૮૬ સુધી પહોંચી છે**

અમદાવાદ, તા.૩

ઈલેક્ટ્રિક વાહનોની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી રહી છે. વાહનોથી થતું કાર્બન ઉત્સર્જન, ગ્લોબલ વોર્મિંગ અંગે વધી રહેલા જાગૃતિ, ઉત્સર્જન અંગેના કડક માપદંડ અને સરકાર દ્વારા મળતા પ્રોત્સાહનના કારણે ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતને ઈલેક્ટ્રિક વ્હીકલ અને તેને આનુષંગિક સાધન-સામગ્રીનું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં ઈ-વ્હીકલ પોલિસી જાહેર કરવામાં આવી હતી. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ઈ-વ્હીકલ (ઈફ)ની દિશામાં ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. છેલ્લા પાંચ મહિનામાં દર મહિને ૮,૮૫૮ ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી કરવામાં આવી છે. ગુજરાતમાં સૌથી વધુ ૩૧,૫૬૧ ઈલેક્ટ્રીક વાહનો સુરતમાં નોંધાયા છે. તે પછી, અમદાવાદમાં ૨૦,૯૩૭, વડોદરામાં ૭,૬૪૮, રાજકોટમાં ૬,૬૭૮ અને જામનગરમાં ૩,૨૫૯ ઈફ નોંધાયા છે. ગુજરાતમાં નોંધાયેલા કુલ ૧,૧૮,૦૮૬ ઈ-વ્હીકલમાંથી ૧,૦૬,૩૪૧ ટુ વ્હીલર, ૪૦૩૯ થ્રી વ્હીલર્સ અને ૫૬૪૬ ફોર વ્હીલર્સ છે અને બાકીના ૨૦૦૬ અન્ય કેટેગરીમાં આવતા ઈલેક્ટ્રીક વાહનો છે. રાજ્ય સરકાર ઈલેક્ટ્રિક વાહનોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ વિશેષ ધ્યાન આપી રહી છે. ગુજરાતના અલગ-અલગ શહેરોમાં ઝડપથી ઈફ ચાર્જિંગ સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. હાલ રાજ્યમાં કુલ ૧૫૨ ચાર્જિંગ સ્ટેશન છે. આગામી સમયમાં ૨૫૦ નવા પબ્લિક ચાર્જિંગ સ્ટેશન બનાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં છે. સરકાર દ્વારા રાજ્યના દરેક વિસ્તારમાં સમાન ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા અને ચાર્જિંગ સ્ટેશન સાઈટ પસંદગીની પ્રક્રિયાને સરળ બનાવવા માટ મૈંજીછ૨-દ્ર સાથે મળીને ઝોન/ હોટસ્પોટ ડિઝાઈન કરવામાં આવ્યા છે.

### ૨૮૮ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં ૩ જૂનના રોજ કોઈ પણ જાતનો ઉત્સવ મનાવવામાં નહીં આવે. સૂચના અને જનસંપર્ક વિભાગ, ઓડિશા દ્વારા આ જાણકારી જારી કરવામાં આવી છે. ઓડિશાના બાલાસોર જિલ્લામાં શુક્રવારે મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. બહાનાગા રેલવે સ્ટેશન પાસે શુક્રવારની સાંજે મુસાફરોની ટ્રેન કોરોમંડલ એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ દરમિયાન અહીંથી નજીકના પાટા પરથી પસાર થઈ રહેલી યશવંતપુરથી હાવડા જઈ રહેલી એક્સપ્રેસ ટ્રેન સાથે ડબ્બા ટકરાયા હતા. આ દુર્ઘટનામાં ૨૦૦થી પણ વધુ મુસાફરોનાં મોત થઈ ચૂક્યા છે. ત્યારે દુર્ઘટના સમયે કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેનમાં સવાર એક મુસાફરે સમગ્ર હકીકત જણાવી હતી. રેલવે મંત્રી અશ્વિન વૈષ્ણવે બાલાસોર રેલવે દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યુ હતું અને રાહત કાર્યોની જાણકારી આપી હતી. તેઓએ કહ્યું કે, આ એક દુઃખદ દુર્ઘટના છે અને બચાવકાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. આ દુર્ઘટના બાદ રેલવેની ટીમ ખડકપુર અને ભુવનેશ્વર સાથે દ્રઙઈહ્વ, જીઙઈહ્વ તથા સ્થાનિક ટીમો ઘટના સ્થળે રવાના થઈ હતી. ઘાયલો અને મૃતકોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. અમે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યાા છે, જેથી કરીને દુર્ઘટનાનું કારણ જાણી શકાય. બીજી તરફ, બાલાસોરના ફાયર વિભાગના અધિકારી રમેશ ચંદ્ર માઝીએ જણાવ્યું કે, ફાયર સેવા દ્વારા અહીં હાલ ૨૦ જેટલી ગાડીઓ અને ૨૫૦ અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર છે. અમારા વિભાગ દ્વારા ૩૦૦થી પણ વધુ લોકોને બચાવવામા આવ્યા છે. મૃતકોની ચોક્કસ સંખ્યા કહી શકાય એમ નથી, કારણ કે અમે બચાવકાર્યમાં જોડાયા છીએ.

### સિસ્ટમ ફેલ થતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટના પાછળ સિગ્નલ સંબંધિત ખામી સામે આવી છે. સંયુક્ત અહેવાલ મુજબ, ટ્રેન નંબર ૧૨૮૪૧ કોરોમંડલ એક્સપ્રેસને પહેલા અપ મેઈન લાઈન માટે સિગ્નલ આપવામાં આવ્યું હતું અને તરત જ પાછી ખેંચી લેવામાં આવ્યુ હતું પરંતુ ત્યાં સુધીમાં ટ્રેન લૂપ લાઇનમાં પ્રવેશી ચૂકી હતી. આ લાઈન પર ગુડ્સ ટ્રેન પહેલેથી જ ઊભી હતી. કોરોમંડલ એક્સપ્રેસ પહેલાથી જ રેલવે ટ્રેક પર ઉભી રહેલી માલગાડી સાથે અથડાઈ હતી. માલસામાન ટ્રેનને ટક્કર માર્યા બાદ કોરોમંડલ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ હતી.

### પરીક્ષા લેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફોન સહીતના ઉપકરણો લઈ જવા દેવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેમાં મોબાઈલ ફોન કે વોચ સહીતના ઉપકરણો પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા દેવામાં આવશે નહીં અલબત્ત કેન્દ્ર બહાર જમા લઈ કબાટમાં મુકી દેવાશે. અગાઉ પંચાયતી કલાર્ક અને તલાટી મંત્રીની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. જયારે તંત્ર દ્વારા પરીક્ષાને અનુલક્ષી પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. અગાઉ પણ શિક્ષકોની ભરતીને અનુલક્ષી ટાટ ની પરીક્ષા લેવામાં આવી હતી જયારે આ કસોટી દરમિયાન પણ કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. ટાટ એસની પરીક્ષાની પણ ઉમેદવારો લાંબા સમયથી રાહ જોતા હતા પરીક્ષાના અંતે શિક્ષકોની ભરતી માટે ઉમેદવારોમાં પણ વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી નિમિત્તે પ્રધાનમંત્રી મોદી વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરમાં MISHTI કાર્યક્રમનો શુભારંભ કરાવશે

**રાજ્યના ૧૧ જિલ્લાઓમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત અન્ય મહાનુભાવોના હસ્તે મેન્ગ્રુવના રોપાનું વાવેતર કરાશે**

ગાંધીનગર, તા.૩

સમગ્ર વિશ્વમાં તા.૫મી જૂનના દિવસને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાનો છે. સમયની સાથે વધતાં જતાં પ્રદૂષણથી ઉભી થતી આડઅસરો તથા સમસ્યાઓને નાથવાનો એકમાત્ર ઉપાય છે પર્યાવરણનું સંરક્ષણ. જે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પર્યાવરણ જાગરૂકતા અને વનસ્પતિ તથા વન્યજીવના સંરક્ષણ પર સતત કાર્ય કરી રહી છે.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી મેન્ગ્રુવ ઈનિશિયેટિવ ફોર શોરલાઈન હેબિટ્સ એન્ડ ટેન્જિબલ ઈનકમ્સ (Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes - MISHTI) કાર્યક્રમનો દેશવ્યાપી શુભારંભ કરાવશે. જે અંતર્ગત ગુજરાતના ૧૧ જિલ્લાઓની અંદાજિત ૨૫ સાઈટ્સ પરથી પણ શુભારંભ કરવામાં આવશે. આ ૧૧ જિલ્લાઓમાં અમદાવાદ, આણંદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા,નવસારી,ભરૂચ, ભાવનગર,મોરબી,વલસાડ અને સુરત જિલ્લાનો સમાવેશ થાય છે કે જ્યાં MISHTI કાર્યક્રમ હેઠળ મંત્રીમંડળના સભ્યો સહિત અન્ય મહાનુભાવોના હસ્તે મેન્ગ્રુવ (ચેર)નું વાવેતર કરવામાં આવશે.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં પણ વિવિધ સ્થળોએ અનેકવિધ કાર્યક્રમો હાથ ધરાનાર છે. જેનો હેતું રાજ્યના સમસ્ત નાગરિકોને પર્યાવરણના મહત્વથી અવગત કરાવીને પર્યાવરણના સંવર્ધનમાં વધારો કરવાનો છે. જેના માટે સરકાર કટિબદ્ધ છે.

## અપોલો હૉસ્પિટલમાં રોબોટિક સર્જરીનુ અનાવરણ કરાયું

હેલ્થકેર ક્ષેત્રે ઈનોવેશનમાં પાયોનિયર ગણાતી અમદાવાદની અપોલો હોસ્પિટલે દા વિન્સી XI રોબોટિક સર્જીકલ સિસ્ટમ નામની એક નવિનતમ પ્રગતિશીલ સર્જીકલ પ્રોસીજર શરૂ કરી છે કે જેનાથી ઉન્નત પેશન્ટ કેર અને સર્જરીમાં વધુ ચોકસાઈ પ્રાપ્ત કરી શકાશે. આ અદ્યતન ટેકનોલોજી એ એક મહત્વનું સિમાચિહ્ન છે અને તેનાથી સર્જીકલ હેલ્થ કેર ક્ષેત્રે ક્રાંતિ આવશે અને દર્દીઓ તેમજ સર્જન્સ માટે નવી સંભાવનાઓ ખૂલશે.

ધ દા વિન્સી XI રોબોટિક સર્જીકલ સિસ્ટમની રજૂઆત શુક્રવારે ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન શ્રી ઋષિકેશ પટેલની હાજરીમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે નીરજ લાલ, યુનિટ હેડ એન્ડ સીઓઓ, ગુજરાત ક્ષેત્ર, ડો. અભિજાત શેઠ, ડાયરેક્ટર મેડિકલ સર્વિસીસ અને અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા. તેમના સંબોધનમાં, પ્રધાનશ્રીએ અદ્યતન રોબોટિક સર્જીકલ સિસ્ટમ અને અન્ય મેડિકલ ટેકનોલોજી અમદાવાદમાં રજૂ કરવા બદલ અપોલો હોસ્પિટલ્સની પ્રશંસા કરી હતી. શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે "આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ અને અન્ય ઉભરતી ટેકનોલોજીનો વપરાશ વ્યાપક બનતો જાય છે. સરકાર અસરકારક શાસન માટે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી રહી છે. અપોલો હોસ્પિટલ ટેકનોલોજીની તાકાતનો લાભ લેવા માટે પ્રયાસ કરીને બહેતર હેલ્થ કેર સર્વિસીસ પૂરી પાડી રહી છે તે ખૂબ સારી વાત છે.

## ત્રાગડ ખાતે ઓક્સિજન પાર્કનું ૫મીના રોજ મુખ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત

**અમદાવાદીઓને વધુ એક ઓક્સિજન પાર્કની ભેટ મળશે : ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આ પાર્કમાં ૭૫૦૦ જેટલાં વૃક્ષો લગાવવામાં આવશે**

અમદાવાદ, તા.૩

અમદાવાદીઓને વધુ એક ઓક્સિજન પાર્કની ભેટ મળવા જઈ રહી છે. 'ગ્રીન અમદાવાદ, ક્લીન અમદાવાદ' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરને હરિયાળું બનાવવાની દિશામાં કામગીરી કરી ચાલી રહી છે. ત્યારે આગામી ૫ જૂન એટલે કે 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ત્રાગડ ખાતે ઓક્સિજન પાર્કનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જે ૨૪,૨૭૦ ચો. મી જેટલા વિશાળ પાર્કમાં આકાર પામશે. આ તકે શહેરના મેયર કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશ્નર એમ. થેન્નારસન, ધારાસભ્યઓ તથા કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ પામનાર આ ઓક્સિજન પાર્કની વિશેષતા વિશે વાત કરવામાં આવે તો, આ પાર્કમાં 'મિયાવાકી' પદ્ધતિથી ૭૫,૦૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે આ પાર્કમાં ૭૫૦૦ જેટલાં વૃક્ષો લગાવવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આકાર પામનાર આ ઓક્સિજન પાર્કમાં મુલાકાતીઓ માટે અનેક આકર્ષણો મૂકવામાં આવશે. જેમ કે... નયનરમ્ય તળાવ, આકર્ષક લોન પ્લોટ, વોકિંગ ટ્રેક, આકર્ષક ગજેબો બનાવવામાં આવશે. આ ઉપરાંત ફિટનેસ માટે ઓપન જિમ્નેશિયમનું પણ નિર્માણ કરવામાં આવશે. અને યોગા પોઈન્ટ પણ બનાવવામાં આવશે. તથા બાળકો માટે રમત-ગમતના સાધનો પણ અહીં મૂકવામાં આવશે.

આ મામલે અમદાવાદ શહેરના શહેરના મેયર કિરીટભાઈ પરમાર જણાવે છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરને લીલુંછમ બનાવી ગ્રીન કવરના વિસ્તારમાં વધારો થાય તે દિશામાં સતત કામ કરી રહ્યું છે. તેના ભાગરૂપે કોર્પોરેશન શહેરીજનો માટે વધુ એક ઓક્સિજન પાર્ક બનાવવા જઈ રહ્યું છે. આ સમગ્ર ઓક્સિજન પાર્કને મિયાવાકી પદ્ધતિથી વિકસિત કરવામાં આવશે. તેમ જણાવ્યું હતી.

## રાજ્યમાં બે દિવસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદની આગાહી

**અમદાવાદમાં થન્ડર સ્ટોર્મ એક્ટિવિટીની શક્યતા : દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રમાં ૫ જૂને સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે, જેના કારણે ૭ જૂનની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર બની શકે છે**

અમદાવાદ, તા.૩

રાજ્યમાં આજે ફરી એકવાર વરસાદી માહોલ સર્જાશે. રાજ્યમાં અલગ અલગ જગ્યાએ વાવાઝોડા સાથે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. રાજ્યમાં આગામી બે દિવસ સામાન્ય વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે અમદાવાદમાં થન્ડર સ્ટોર્મ એક્ટિવિટીની શકયતા છે. કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૩૦થી ૪૦ કિલોમીટર ઝડપે પવન ફૂંકાશે. માછીમારોને દરિયો ના ખેડવા સૂચના આપવામાં આવી છે.

જમ્મુની આસપાસ અને રાજસ્થાન નજીક સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેની અસર ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં થશે. જેના કારણે વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. જોકે વરસાદ બાદ આગામી ત્રણથી ચાર દિવસ તેજ પવન તો ફૂંકાતો રહેશે.આ ઉપરાંત ગુજરાતમાં ૭થી ૧૧ જૂન સુધી ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રમાં ૫ જૂને સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે. જેના કારણે ૭ જૂનની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર બની શકે છે. જેના કારણે વાવાઝોડા સાથે ૭થી ૧૧ જૂન સુધીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. વાત કરીએ ચોમાસાની તો, હાલ લક્ષદ્રીય અને માલદીવ સુધી ચોમાસું પહોંચી ગયું છે અને હવે ચોમાસું કેરળ પહોંચશે. કેરળ બાદ મહારાષ્ટ્ર અને ત્યારબાદ ગુજરાતમાં ચોમાસું બેસશે. જો કે, હજુ મુંબઈમાં ચોમાસું બેશે ત્યારબાદ જ કરી શકાશે કે, ગુજરાતમાં ચોમાસું કઈ તારીખથી બેસશે.